જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૫૮/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ નિપમ ધિરજકુમાર દરજી (રહે. સેક્ટર–૧ ચાણક્યપુરી, ઘાટલોડીયા)એ તા.૧૫/૧૦/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાજ મોહનલાલ સોની અને (૨) નિકિતા રાજ સોની (બંને રહે.પારસનાથનગર હાટકેશ્વર) એ ભેગામળી નિપમ દરજીના U.K ના વર્ક પરમીટ વિઝા તથા U.K માં રહેવાની વ્યવસ્થા કરી આપવાની તથા ઈમેગ્રેશનના તમામ કામ કરી આપવાનો વિશ્વાસ આપી, તેમની પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૨૪,૭૫,૦૦૦/– મેળવી લઈ વર્ક પરમીટ વિઝા નહી કરાવી આપી તેમજ રૂપિયા પરત નહી કરી આપી નિપમ દરજી સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ રશ્મીકાંત સન/ઓફ કનૈયાલાલ શાહ (ઉ.વ.૬૩)(રહે.કળશ ફ્લેટ, ગુરૂકુલમ રોડ રામનગર સાબરમતી) એ તા.૧૫/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૬ ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર 8391968449 ના ધારક Mr Santosh Pathak એ રશ્મીકાંત શાહના મોબાઈલ ફોન ઉપર ટેક્સ્ટ મેસેજ કરી, અદાણી ગેસનુ બીલ અપડેટ કરવાના બહાને રૂપિયા ૧૦ ફી ભરવાનુ કહી રશ્મીકાંત શાહને વ્હોટસએપ મેસેજ દ્વારા Gas-Bill Update.apk નામની ફાઈલ મોકલી ડાઉનલોડ કરાવડાવી તેમના મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી લઈ રશ્મીકાંત શાહના HDFC બેંકના ખાતામાંથી તથા PNB બેંકના ખાતામાંથી અલગ–અલગ કુલ–૬ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂપિયા ૫,૬૨,૪૮૨/– મેળવી લઈ રશ્મીકાંત શાહ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૪૫૯/૨૦૨૬**

વાસણાઃ કર્તવ્ય જગદીશભાઇ મેઘાણી (ઉ.વ.૩૪)(રહે.ધર્મરાજ રેસીડેન્સી પોલીયો ફાઉન્ડેશનની બાજુમા, જીવરાજપાર્ક વેજલપુર) એ તા.૧૫/૧૦/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૬ રાતના ૮/૩૦ થી તા.૩૦/૦૯/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન વાસણા જીવરાજપાર્ક એચ.પી.પેટ્રોલપંપ પાસે મધુરમ કોમ્પલેક્ષ ખાતે આવેલ "ઓમ સાંઇ સર્વિસ" નામની કર્તવ્ય મેઘાણીને દુકાનનું શટર તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી (૧) એસી.નો કોપરરોલ નંગ–૨૪ કિંમત રૂપિયા ૮૪,૦૦૦/– (૨) કોપરપાઇપ વનફોરસાઇઝના રોલ નંગ–૧૮ કિંમત રૂપિયા ૨૮,૦૦૦/– (૩) કોપરપાઇપ ૫/૮ સાઇઝના રોલ નંગ–૦૫ કિંમત રૂપિયા ૨૯,૦૦૦/– (૪) બ્રાસફ્લેરનટ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/– (૫) કોપર પાઇપના વેસ્ટ ટુકડા કિંમત રૂપિયા ૩૫,૦૦૦/– અને (૬) સ્પ્લેટવાલ્વ આશરે નંગ–૧૦૦ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૪૧,૪૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૬૦/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ છારોડી તળાવ પાસે આવેલ "કાસા ઈલાઈટ ફ્લેટ" ખાતે સિક્યુરીટીના સુપરવાઇઝર તરીકે નોકરી કરતા અને કાસા ઈલાઈટ ફ્લેટના બેઝમેન્ટ ખાતે આવેલ રૂમમાં રહેતા ઉદયભાનસિંહ અજાયબસિંહ ઠાકુર (ઉ.વ.૫૬)(મુળ વતન. ગામ.ગંજ તા.રાજાપુર થાના.રાજાપુર જી.ચિત્રકુટ ઉત્તરપ્રદેશ) તા.૨૭/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા ફ્લેટના બેઝમેન્ટમા પોતાના રૂમમાં જમવાનુ બનાવવા સારૂ ગેસની સગડી લાઈટરથી ચાલુ કરતા ગેસની સગડીમાંથી આગનો ભડકો થતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૧૦/૨૦૨૬ સવારના ૧૦/૧૫ વાગે ઉદયભાનસિંહ ઠાકુરનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી